**Class : X**
Gujarati
Sample Question Paper
Answer Key

**Code No. 010**

| નોટ | NOTE |
|---|---|
| ➢ અ પ્રશ્નપત્ર બહુવિકલ્પ પ્રશ્નોના આધારીત છે.<br>➢ વિદ્યાર્થીઓ પ્રશ્નપત્રમાં કુલ 50 પ્રશ્નોમાંથી 40 પ્રશ્નો કરવાના રહેશે.<br>➢ સાચા જવાબ માટે બ્લ્યુ કે બ્લેક બૉલપેનથી જે તે વર્તુળને ઘટ્ટ કરવું. | ➢ The question paper shall be MCQs based only. Each MCQ shall carry 1 mark.<br>➢ The question paper shall be of total 40 marks. Time provided shall be 90 minutes.<br>➢ The students would attempt 40 questions out of the total 50 questions in the question paper.<br>➢ Please use the blue or Black ball pen for O.M.R Sheet.<br>➢ Total Marks - 40 |
| ➢ પ્રશ્નપત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ વાચનવિભાગ – ૨ ગધ્યાંશ અને ૧પધ્યાંશ લેવામાં આવ્યા છે.<br>➢ સાહિત્ય વિભાગ- ગદ્ય- પદ્ય તેમજ પૂરકવાચન સાથે...<br>➢ વ્યાકરણ<br>➢ આપેલી સૂચના પ્રમાણે પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ કુલ ગુણ- ૪૦ | ➢ Reading Comprehension – 2 passages, 1-poetry)<br>➢ Literature-including purak vachan prose<br>➢ Grammar<br>➢ Question and answer should be written as per the giver instructions.<br>➢ Total Marks = 40 |
| | |

# ગુજરાતી

## ધોરણ-X (010)

સમય – ૯૦ મિનિટ — કુલ ગુણ :૪૦

Time: 90 Min. — M.M. – 40

**(Advanced Reading Skill)**

પ્રશ્ન-૧ (અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (૫)

આપણી પાસે બુદ્ધિની અને જ્ઞાનની આટલી બધી શક્તિઓ છે, છતાં જીવનનાં રહસ્યો વિશે આપણે ઓછું જાણીએ છીએ. એની ગુપ્ત પ્રક્રિયાઓ વિશે તો માત્ર કલ્પના જ કરી શકીએ છીએ પણ જીવનનું જે સૌંદર્ય છે તેનો આનંદ તો આપણે માણી શકીએ છીએ. આપણે ભલે દુર્બળ દેવ જેવું સર્જનકાર્ય પણ કરી શકીએ છીએ. આપણે ભલે દુર્બળ અને ભૂલો કરતાં મનુષ્યો હોઈએ, આપણો જીવનપટ ભલે નાનકડો અને અસ્થીરતાથી ભરેલો હોય, છતાં આપણામાં અમર દેવોના જેવું કોઈક તત્વ પણ છે. એટલે આપણે માનવ છીએ અને મર્ત્ય છીએ માટે માનવની રીતના અને મર્ત્ય તરીકેના જ વિચાર કરવા જોઈએ તેવું કહેનારની વાત માનવાની જરૂર નથી. આપણાથી બની શકે તેટલી આપણે અમરતાની સાધના કરવી જોઈએ અને આપણામાં જે સર્વોત્તમ મહત્વ રહેલું છે તેની સાથે મેળમાં રહીને જીવવાનો સંપૂર્ણ પુરુષાર્થ કરવો જોઈએ.

**પ્રશ્નો:-**

(૧) આપણી પાસે કઈ કઈ શક્તિઓ છે ?

(બ) બુદ્ધિની અને જ્ઞાનની

(૨) આપણે શું ઓછું જાણીએ છીએ ?

(ક) જીવનનું રહસ્ય

(૩) આપણો જીવનપટ શેનાથી ભરેલો છે?

(ક) અસ્થિરતા

(૪) આપણામાં કોના જેવું તત્વ છે ?

(ક) દેવો

(૫) આપણાથી બની શકે તેટલી આપણે શું કરવું જોઈએ?

(અ) અમરતાની સાધના

**પ્રશ્ન-૧ (બ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (૫)**

દરેક બાળકોને દાદા-દાદીના ખોળામાં બેસીને વાતો સાંભળવાનું ગમતું હોય છે. મને યાદ છે કે અમે સૌ ભાઈઓ રાતના જમી પરવારીને દાદા-દાદી પાસે બેસીને પરીઓની રાજાઓની વફાદાર સૈનિક કે પછી પશુઓની વાતો સાભળતા. વીરપુરુષોની એ વાતો સાંભળીને કંઈક કરી છૂટવાનું મન થઈ જતું. વડીલો અમારી ખૂબ કાળજી રાખતાં. બાળપણની કેટલીક ફરમાઈશ પૂરી થતી તો ક્યારેક ન થતી ત્યારે સાતે વહાણ ડૂબી ગયા હોય એવું થતું. શૈશવમાં દિવ્યતાનો વાસ છે. શિશુની મન:સૃષ્ટિ સરળ અને સ્નેહપૂર્ણ હોય છે. જેની અણસમજમાંથી જીવનની ધન્યતા વહે છે. અને જે પોતાના ચિત્તમાં હંમેશા જગતનું આનંદથી પરિપૂર્ણ ચિત્ર રચે છે. એવા શિશુની નિખાલસ સમભાવ અને નિર્દોષ આનંદથી ભરેલી સ્નેહપૂર્ણ સરળ સૃષ્ટિ મને ગમે છે. શૈશવકાળ જગતની રંગભૂમિ પરનો જીવનના ત્રિઅંકી નાટકનો પ્રથમ અંક છે. અને એનું આછું પાતળું સ્મરણ થતાં આંખનો ખૂણો ભીનો થઈ જાય છે. બાળપણમાં કમળની પાંખડી જેવા મુલાયમ ગાલ પર માના સ્નેહભીના ચુંબનનો અભિષેક હજુ પણ યાદ આવી જાય છે. નિશાળે જવાનું કડવું ઝેર જેવું લાગે. રોજ શાળાનો સમય થાય અને શરીરનાં યંત્રોમાં અચાનક કોઈ બગાડ થાય. કેવું ભોળપણ, વડીલો ક્યારેક માની પણ જાય. સાંજે

ગામના પાદરે જઈ લખોટીની રમતો, ગિલ્લીદંડા કે પછી ગેડીદડાની રમતો રમાય. દિવસ આથમી જાય ત્યાં સુધી રમતો પૂરી ન થાય. દીવાબત્તી ટાણું થાય ત્યારે વિશ્વનાથ મહાદેવના મંદીરની ઝાલર વાગે અને મા શોધતી શોધતી આવી ચડે, કાનપટ્ટી પકડીને ઘરે લઈ જાય. તે સ્નેહભીની માની બૂમ હજુ પણ યાદ આવે છે. હોળીના દિવસોમાં ગાંડીતૂર રંગલીલા માણવામાં, લાકડાં ચોરવામાં અને ઉત્તરાયણ પર પતંગોના પેચ અને માંજાની લૂંટાલૂંટમાં અમે હાજર હોઈએ જ.

પ્રશ્નો:-

(૬) દરેક બાળકને શું ગમતું હોય છે ?

(ક) ખોળામાં બેસીને વાતો સાંભળવાનું

(૭) સાતે વહાણ ડૂબી ગયા હોય એવું ક્યારે થતું ?

(અ) માંગ પૂરી ન થાય

(૮) શૈશવમાં કોનો વાસ છે ?

(ક) દિવ્યતાનો

(૯) શિશુની મન:સૃષ્ટિ કેવી હોય છે ?

(અ) સરળ અને સ્નેહપૂર્ણ

(૧૦) આંખનો ખૂણો ક્યારે ભીનો થાય છે ?

(ક) સ્મરણ થતાં

**પ્રશ્ન-૧ (ક) નીચેનું પદ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.** **(૫)**

કોણ કહે છે:
આ ધરતી પર ક્યાંય કશે ભગવાન નથી !
કોણ કહે છે:
આ અવનિ પર ઈશ્વરનાં એંધાણ નથી !
રાતદિવસને સાંજસવારો
સદા નિયમસર આવે છે,
સૂરજ-ચાંદો નિયમિત જગને
તેજ થકી બહલાવે છે.
ચોમાસાનાં જલવર્ષા ને
વસંત રૂપ તણી રાણી,
ટાઢ શિયાળે, તાપ ઉનાળે –
ઋતુઓની કેવી લ્હાણી !
જીવન કેરાં અમૃત જેવાં
જળનાં મૂલ્ય અમૂલ્ય હો !

પ્રશ્નો:-

(૧૧) 'અવનિ' એટલે શું ?

(અ) ધરતી

(૧૨) સદા નિયમસર શું આવે ?

(ડ) આપેલા બ અને ક

(૧૩) કાવ્યમાં કઈ કઈ ઋતુઓનું વર્ણન છે ?

(ડ) આપેલા બધાજ

(૧૪) વિરોધી શબ્દ લખો – 'નિયમિત'

(ક) અનિયમિત

(૧૫) જીવનનું અમૃત શું છે ?

(ક) જળ

## (Literature)

**પ્રશ્ન- ૨ નીચે આપેલા <u>કોઈપણ પંદર</u> પ્રશ્નોના સાચો વિકલ્પ શોધીને જવાબ લખો.** **(૧૫)**

(૧૬) ગગનમાં કોનો નાદ જાગે છે?

(ક) મોરલી

(૧૭) 'મોરલી' કાવ્યમાં વ્હાલો શબ્દ કોના માટે પ્રયોજાયો છે?

(ક) શ્રીકૃષ્ણ

(૧૮) મીરાબાઈ કેવી રીતે દુઃખ દૂર થાય છે એમ કહે છે?

(અ) કૃષ્ણના દર્શનથી

(૧૯) 'શું બકેચે?' આય તો ટિકિટ ઓફિસ છે?

(અ) સોરાબજી

(૨૦) કીચકનો વધ કોણે કર્યો?

(ક) ભીમેં

(૨૧) રામશંકરના જણાવ્યા મુજબ તેમના ઘરનું નામ શું હતું?

(ક) નખોદીઓ

(૨૨) 'પ્રયાણ' કૃતિના આધારે આપણા શરીરમાં પ્રાણવાયુ ક્યાં ભરેલો છે?

(ડ) કમરખ જેવી દાબડીમાં

(૨૩) 'જીવન અંજલી થાજો' કાવ્યમાં કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવાનું ઈચ્છે છે?

(ડ) આપેલા બ અને ક

(૨૪) 'જીવન અંજલી થાજો' કાવ્યમાં કવિ દરેક સ્પંદને શું ઇચ્છે છે?

(ડ) પ્રભુના નામનું રટણ.

(૨૫) 'જીવન અંજલી થાજો' કાવ્યમાં કવિ સત્યની કાંટાળી કેડી પર શું બનીને પથરાવા કહે છે?

(ડ) પુષ્પ

(૨૬) તમારા અભ્યાસક્રમમાં આવતી કઈ કૃતિના કર્તા વિકાસ શર્મા છે?

(ક) સામગ્રી તો સમાજની છે ને !

(૨૭) 'સામગ્રી તો સમાજની છે ને !' કૃતિમાં ફરીથી આવી ભૂલ ભવિષ્યમાં ક્યારેય ન કરવાની મક્કમતા સાથે લેખક અને તેમના દરેક મિત્ર એ શું કર્યું?

(ડ) ફોટોસ્ટેટ નકલ કાઢીને પોતાના ઘરની દીવાલ પર રાખી.

(૨૮) 'સામગ્રી તો સમાજની છે ને !' કૃતિમાં લેખક તેમના મિત્રો સાથે રેસ્ટોરન્ટ માંથી બહાર નીકળતા હતા ત્યારે કોણે તેમને બોલાવ્યા?

(ક) વૃદ્ધ સ્ત્રીઓ એ.

(૨૯) 'હાથ મેળવીએ' કાવ્યનો પ્રકાર જણાવો.

(ક) ઉર્મિકાવ્ય

(૩૦) એકમેકનો સાથ પામી સારા કર્મો કરવા છે અને તે દ્વારા પરસ્પરના હૃદયમાં સ્થાન પામવું છે- આવી શુદ્ધ પરિભાવના કવિએ કયા કાવ્યમાં રજૂ કરી છે?

(ડ) હાથ મેળવીએ.

(૩૧) 'હાથ મેળવીએ' કાવ્યમાં કવિ સારુ-નઠારું કામ કયા કારણસર કરતા હોવાનું જણાવે છે?

(ડ) બીનઆવડતથી

(૩૨) 'હાથ મેળવીએ' કાવ્યમાં કવિ અજાણી વ્યક્તિના હાથના સહાયથી ક્યાં સુધી પહોંચવા ઈચ્છે છે?

(ક) અજાણી વ્યક્તિના હૃદય સુધી.

(૩૩) 'ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર કૃતિનો પ્રકાર જણાવો.

(ક) ચરિત્ર નિબંધ/રેખાચિત્ર

(૩૪) 'ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર કૃતિમાં ગુજરાતના ક્યાં પ્રેરણાપુરુષ વિશે વાત કરવામાં આવી છે?

(બ) વીરચંદ ગાંધી

(૩૫) 'અનોખું મૈત્રીપર્વ' કૃતિના કર્તા જણાવો.

(બ) હિમાંશી શેલત

## (Applied Grammar)

**પ્રશ્ન- 3 નીચેના પ્રશ્નોમાંથી <u>કોઈ પણ દસ</u> પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

(૩૬) અનુગ ઓળખો : 'ગૌરાંગને તો કેનેડા જવું જ હતું.'

(બ) ને

(૩૭) નામયોગી ઓળખો : 'કિશને વ્હાલી પત્ની ખાતર નવો ફ્લેટ ખરીદ્યો.'

(અ) ખાતર

(૩૮) અનુગ ઓળખો : 'તેણે પત્રનો જવાબ કુરિયરથી મોકલ્યો.'

(ડ) થી

(૩૯) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'અગાઉથી ચાલી આવતી રસમ'

(બ) રૂઢિ

(૪૦) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'પીળા રંગનું વસ્ત્ર'

(ક) પીતાંબર

(૪૧) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'કહી ન શકાય તેવું'

(અ) અકથ્ય

(૪૨) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'પાણીમાં ઉત્પન્ન થતાં વલયો'

(ક) વમળ

(૪૩) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'હલબલાવી સભાન બનાવવા'

(ડ) ઢંઢોળવું

(૪૪) સમાનાર્થી શબ્દ શોધો : 'ઢબ'

(ડ) આપેલ તમામ

(૪૫) સમાનાર્થી શબ્દ શોધો : 'કીર્તિ'

(અ) ખ્યાતિ

(૪૬) સમાનાર્થી શબ્દ શોધો : 'દીન'

(ક) રંક

(૪૭) સમાનાર્થી શબ્દ શોધો : 'નાદ'

(ડ) સ્વર

(૪૮) નીચેના વિરોધી જોડકાંમાંથી ક્યું જોડકું ઉચિત નથી?

(ક) અજ્ઞ × વિઘ્ન

(૪૯) વિરોધી શબ્દ શોધો : 'કંજૂસ'

(બ) ઉડાઉ

(૫૦) નીચેના વિરોધી જોડકાંમાંથી ક્યું જોડકું ઉચિત છે?

(ડ) કીર્તિ × અપકીર્તિ